ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"કેમ આટલા બધા ખુશખુશાલ છો..?!"

"સાંભળ્યુ નહી... ચિત્રકૂટ વિધાનસભાની પેટા ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થયો."

"ઓ...હો...હો.. બગાસુ ખાતા પતાસુ પડ્યું એમાં ભવ્ય વિજય થયો... ભવ્ય વિજય થયો..?"

"એવું નથી સાહેબ, ઉત્તરપ્રદેશની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પણ જોયુ નહીં તમે, ભાજપનો સફાયો થયો અને ગુરદાસપુરમાં તો તમે હાર્યા જ છો."

"અરે આ બધા આકસ્મિક સંજોગો છે. જુદા જુદા સમીકરણોથી પરિણામો સર્જાયા છે એમાં આટલા બધા ખુશ થવાની જરૂર નથી અને માની લેવાની જરૂર નથી કે ગુજરાતમાં તમે જીતી જશો..?"

"તમે માનો કે ના માનો તમારા વળતા પાણી છે. નોટબંધી અને જીએસટી તમને પરસેવો પડાવી દેશે પરસેવો અને એ પણ ભર શિયાળે..!!"

"ખરૂ તમે જોડી જ કાઢો છો. કાગનું બેસવુ ને ડાળનું પડવુ એમાં તો તમને સત્તાના સપના આવવા માંડ્યા પણ એવું કાંઈ થવાનું નથી યાદ રાખજો... જીત અમારી જ છે અને સત્તા અમારી જ રહેવાની છે."

"સાહેબ... તમે વધુ પડતા વિશ્વાસમાં છો. ધરતી સરકી રહી છે તમારા પગ નીચેથી. હવે તમારા સમીકરણો નહી બેસે. તમારો અહંકાર જ તમને સત્તાથી દૂર કરાવશે."

"આ તમારી ગલતફેમી છે. અમારા સાહેબ જાહેરમાં પોતાને પ્રધાન સેવક કહે છે. અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ કાર્યકરના ખભે હાથ મુકીને વાત કરે છે. અમારા મુખ્યમંત્રી અને મંત્રીઓ કાર્યકરના ઘરે ઘરે જાય તેમ છતાં તમે અહંકારની કેસેટ બંધ નથી કરતા..?"

"એ તો હવેને, ચૂંટણી આવી એટલે કાર્યકરો યાદ આવે... પ્રજા યાદ આવે... મીડિયા યાદ આવે... પરિણામ પછી યાદ કરો તો ખરૂ..?!"

"અમારે મન કાર્યકરો જ પક્ષની મુડી છે અને પ્રજા જ લોકશાહીનુ હૃદય છે. અમે ભુલતા નથી અને ભુલીશુ નહી."

"બસ, તમારા મોમાં સાકર. આપણે ઈચ્છીએ આવુ થાય અને આવુ જ રહે. લોકશાહીમાં પ્રજા જ આખરી સત્તા છે અને સૌએ તેને હૃદસ્થ રાખવું જોઈએ."

- નિમિત્ત માત્ર





રાજપૂતોનું મહાસંમેલન - રાજપૂત સમાજની ઐતિહાસિક અમરકથા 'પદ્માવતિ'ના જીવનકવન પર આધારિત નિર્માણાધિન ફિલ્મમાં કરાયેલ તોડમરોડ સામે ઉગ્ર વિરોધ કરવા ગાંધીનગર અને આસપાસના વિસ્તારોના રાજપૂતોનું મહાસંમેલન રામકથા મેદાનમાં રવિવારે યોજાયું... હજારો રાજપૂતો હાજર રહી એકી અવાજે પદ્માવતિ ફિલ્મના પ્રસારણને અટકાવવા પ્રતિબદ્ધ બન્યા હતા... કરણીસેનાના સંસ્થાપક લોકેન્દ્રસિંહે આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હતી....

# કોઈ પણ સંજોગોમાં પદ્માવતી ફિલ્મ રીલીઝ નહીં થવા દેવાય

**રામકથા મેદાનમાં કરણી સેનાનો હુંકાર : રાજયભરમાંથી હજ્જારો રાજપૂત સમાજના ભાઈ-બહેનો સંમેલનમાં હાજર રહ્યા, વિવિધ સમાજ સંગઠનનોનું કરણી સેનાને સમર્થન**

ગાંધીનગર, તા.૧૨

સંજય લીલા ભણસાલી દ્વારા તૈયાર કરવામાં આવેલી ફિલ્મ પદમાવતી નજીકના દિવસોમાં જ રિલીઝ થવાની છે ત્યારે આ ફિલ્મમાં રજુ કરવામાં આવેલ પદમાવતીનું પાત્ર અને તેનો ઈતિહાસ ફિલ્મમાં તોડી મરોડીને બનાવાયો છે તેવા આક્ષેપ સાથે આ ફિલ્મનો કરણી સેના દ્વારા રાજયવ્યાપી વિરોધ કરી તાત્કાલીક ફિલ્મના રિલીઝ પર બેન લાવવાના હુકમ જારી કરવા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહી છે. આજે રાજયના પાટનગર ગાંધીનગરના સેકટર-૧૧ સ્થિત રામકથા મેદાનમાં હજ્જારોની સંખ્યામાં રાજપૂતો વિરોધ પ્રદર્શન કરવા આવી પહોંચ્યા હતા અને મહાસભા યોજી કરણી સેનાએ હુંકાર કર્યો હતો કે પદમાવતી ફિલ્મ કોઈપણ સંજોગોમાં રિલીઝ થઈ થવા દેવાય અને જો ફિલ્મ રિલીઝ થશે તો ત્યારપછીના પ્રત્યાઘાતોની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.કરણી સેનાએ ફિલ્મ રિલીઝ અટકાવવા ઉપરાંત રાજપૂત સમાજને સરકારમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળે, અનામત વ્યવસ્થાની સમિક્ષા થાય તેવી માંગ કરી હતી. તે ઉપરાંત ફિલ્મ પર બેન નહીં આવે તો દિલ્લીમાં ૨૦ લાખ રાજપૂત સમાજના આગેવાનો એકઠા થશે અને હવે લખનઉં અને પટનામાં મહારેલી થશે તેવો હુંકાર કર્યો હતો.

સમગ્ર દેશમાં આગામી તા.૧ ડિસેમ્બરના રોજ ઐતિહાસિક ફિલ્મ પદમાવતી રિલીઝ થવાની છે. ત્યારે ઈતિહાસ સાથે છેડખાની કરીને બનાવવામાં આવેલ આ ફિલ્મનો રાજપૂત સમાજ દ્વારા ઠેરઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આ વિરોધનો વંટોળ ફુંકાયો છે. ફિલ્મ પર પ્રતિબંધ મુકવાની માંગ સાથે રાજયના પાટનગરમાં હજ્જારોની સંખ્યામાં રાજપૂત સમાજના ભાઈ બહેનો રામકથા મેદાન ખાતે ઉમટી પડ્યા હતા.

ત્યારે આ પ્રસંગે ઉપસ્થિત કરણી સેનાના હોદેદારો અને રાજયના વિવિધ સ્થળેથી પધારેલા રાજપૂત સમાજના આગેવાનોએ મંચ પરથી પદમાવતી ફિલ્મનો વિરોધ કરતા જણાવ્યું હતું કે કોઈપણ સંજોગોમાં આ ફિલ્મ રિલીઝ થવા નહીં દઈએ તેમજ પાટનગરમાં યોજાયેલા રાજપૂત સમાજના શકિત પ્રદર્શનનો મેસેજ દિલ્લી સુધી પહોંચવો જોઈએ. મોદીજીના દિવસો સારા આવવાના છે પરંતુ ફિલ્મવાળાના દિવસો ખરાબ આવશે, માથા વાઢીને રાજપૂત સમાજે ઈતિહાસ સર્જયો છે. ગુજરાતના રાજપૂતોને કોઈ તકલીફ પડશે તો રાજસ્થાનના રાજપૂત ભાઈઓ ખભેથી ખભો મીલાવીને કામ કરશે. રાજયમાં સરકાર ગમે તેની હોય પદમાવતી ફિલ્મ રિલીઝ નહી થવા દઈએ તેમજ આજે પાટનગરમાં સરકાર સામે નહીં સંજય લીલા ભણસાલી સામે ભેગા થયા છે. પદમાવતી ફિલ્મને લઈ સમાજ સંજય ભણસાલીને માફ કરવાના મુડમાં નથી. અહીંસા અત્યંત જરુરી છે પરંતુ હિંસા તો મજબુરી છે. અધિકાર માંગવાથી મળતો નથી તેને છીનવી લેવો પડે છે.

● અનુસંધાન પાન-૫ પર

## આજે ગાંધીનગર ખાતે પાસ કોર કમિટિની મહત્વની બેઠક

**કોંગ્રેસે રજૂ કરેલી ફોર્મ્યુલા અને વિકલ્પો પર ચર્ચા : ઓબીસીમાં અનામતની પાટીદારોની માંગ સંદર્ભે કોંગ્રેસે સૂચવેલા વિકલ્પો પર કાયદાકીય અભિપ્રાય પણ મેળવાયો**

ગાંધીનગર,તા.૧૨

પાટીદારોની ઓબીસીમાં અનામતની માંગણીને લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા પાસના નેતાઓને અપાયેલા ત્રણ વિકલ્પો-ફોર્મ્યુલા બાદ હવે આવતીકાલે પાસના કોર કમીટીના સભ્યોની પાસના નેતા હાર્દિક પટેલ સાથે એક મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. પાસના યુવા નેતા દિનેશ બાંભણીયાના ગાંધીનગરના સરગાસણ ખાતેના ફાર્મહાઉસ ખાતે આ બેઠક યોજાનારી છે, જેમાં અનામતના મુદ્દે વિગતવાર અને ઝીણવટભરી ચચા-વિચારણા હાથ ધરવામાં આવશે. પાસના નેતાઓ દ્વારા કોંગ્રેસ તરફથી સૂચવાયેલા વિકલ્પો અને ફોર્મ્યુલા સંદર્ભે કાયદાકીય અને બંધારણીય અભિપ્રાય પણ મેળવાયો છે, તેની પર ચર્ચા વિચારણા હાથ ધરી એકમત સધાશે. આવતીકાલની ચર્ચામાં ઓબીસીમાં અનામત જ મુખ્ય ચર્ચાનું કેન્દ્ર રહેશે. પાસના નેતાઓએ કોંગ્રેસના આ વિકલ્પો મુદ્દે કાયદાકીય તેમ જ બંધારણીય સલાહ માર્ગદર્શન લીધા બાદ તેમ જ હાર્દિક પટેલ સહિતના અન્ય નેતાઓ અને પાટીદાર સમાજના વડીલ આગેવાનો સાથે ચર્ચા કર્યા બાદ તેઓને વિશ્વાસમાં લીધા પછી કોંગ્રેસ સાથે બીજી બેઠક યોજવાનું આશ્વાસન આપ્યું હતું. કોંગ્રેસના વિકલ્પો અને ફોર્મ્યુલા પર અભ્યાસ અને કાયદાકીય નિષ્ણાતોની સલાહ-માર્ગદર્શન મેળવાયા બાદ હવે આવતીકાલે પાસના કોર કમીટીના સભ્યોની પાસના નેતા હાર્દિક પટેલ સાથે ગાંધીનગરમાં સરગાસણ ખાતે એક મહત્વની બેઠક યોજાનાર છે. આવતીકાલની બેઠક બાદ પાસના નેતાઓ તેમનું વલણ સ્પષ્ટ કરે અથવા તો આગામી દિવસોમાં કોંગ્રેસ સાથે કયારે બેઠક યોજવી તે નક્કી કરે તેવી પૂરી શકયતા છે.

## ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહાસંપર્કમાં જોડાયા

અમદાવાદ, તા.૧૨

ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિજયા રાહતકરજી અને ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા અને પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ અરૂણા ચૌધરીએ ગુજરાત ગૌરવ મહા સંપર્ક અભિયાન હેઠળ આજે સિધ્ધપુરના ત્રણ વોર્ડમાં ડોર ટુ ડોર સંપર્ક કરી વડાપ્રધાનનો સંદેશો આપવાની સાથે ગુજરાતના વિકાસના કામોની પત્રિકાનુ વિતરણ કર્યુ હતુ.ગુજરાત સરકાર દ્વારા મહિલાલક્ષી લાગુ કરવામા આવેલી યોજનાઓ લોકો સુધી પહોંચાડી હતી.






શક્તિ કેન્દ્ર બેઠક - ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાઓના શક્તિ કેન્દ્રોના સંવાહકોની બેઠક યોજાઈ હતી... આગામી ચૂંટણીમાં ભાજપની રણનિતી અને વ્યૂહરચના સંદર્ભે વિગતે છણાવટ થઈ હતી... પ્રચાર ઝુંબેશ અંગે પણ તમામ જવાબદાર કાર્યકરોને માર્ગદર્શન અપાયું હતું... સાથોસાથ પેજ પ્રમુખોને મહત્તમ મતદાન માટેની જવાબદારી અદા કરવા તાકિદ કરી હતી... અમિતભાઈ શાહે બેઠક બાદ કાર્યકરોનો અભિપ્રાય લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી... કાર્યકરોએ પણ શિસ્તબદ્ધ રીતે ચર્ચામાં ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું....

## જિલ્લાની પાંચ બેઠક માટે બે ખર્ચ નિયંત્રણ નિરીક્ષકો નિમાયા

**બે તબક્કામાં તેઓ આવશે : ૧લી ડિસેમ્બરથી ૧૪ ડિસેમ્બર દરમ્યાન તેઓ રોકાશે આ પછી જાન્યુઆરીમાં આવશે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર-૧૭માં વિધાનસભાની પાંચ બેઠકોની યોજાનાર સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી પંચે બે ખર્ચ નિયંત્રણ નિરીક્ષકોની નિમણુંક કરી છે.

રાકેશ રંજન અને આર. મુરલીએ બે જિલ્લાની પાંચ બેઠકો માટેના ખર્ચ નિયંત્રણ નીરીક્ષક તરીકે નિમવામાં આવ્યા છે.

રાકેશ રંજનએ ગાંધીનગર (દ) અને દહેગામ વિધાનસભા મત વિસ્તારના નિરીક્ષક રહેશે. તેઓ આઈ.આર.એસ. કેડરના બિહારના કેડરના અધિકારી છે. જ્યારે આર. મુરલી આઈએ એન્ડ એએસ કેડરના ૨૦૦૯ની બેચના તામિલનાડુના અધિકારી છે.

આ બન્ને અધિકારીઓ ૧લી ડિસેમ્બરથી ગાંધીનગર આવી પહોંચશે અને ૧૪મી ડિસેમ્બર સુધી રોકાશે.

આર. મુરલી ગાંધીનગર (ઉ), કલોલ અને માણસા બેઠક માટેના ખર્ચ નિયંત્રણ નિરીક્ષક તરીકે સેવાઓ આપશે.

તેઓ ઉમેદવાર દ્વારા કરવામાં આવતા ખર્ચની ચકાસણી કરશે. વિધાનસભાના ચૂંટણી જંગ માટે રૂ. ૨૮ લાખના ખર્ચની મર્યાદા ઉમેદવાર માટે નિયત કરવામાં આવી છે.

આ અધિકારીઓ આ પછી જાન્યુઆરી માસમાં પરત આવશે અને ખર્ચની આખરી ચકાસણી કર્યા બાદ હિસાબો અંગેનો પોતાનો અહેવાલ ચૂંટણી પંચને આપશે. તેઓ ૧૨ જાન્યુઆરી પછી આવશે.

આમ ખર્ચ નિયંત્રણ નિરીક્ષકો બે તબક્કામાં જિલ્લામાં આવશે. પંચ દ્વારા તેમની નિમણુંક કરી દેવામાં આવી છે તેમજ બે દિવસની વિશેષ તાલિમ પણ તેમને આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો માહોલ જામતો નથી

**પરંપરાગત ખેતીની પેટર્નમાં બદલાવ : ઘઉં અને બટાટાનું વાવેતર ૨૦૦ હેક્ટરમાં જ નોંધાયું છે : ચણા, વરિયાળી, તમાકુના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળી રહ્યો છે, સીઝન લેઈટ હોવાથી ખેડૂતોમાં ચિંતાની લાગણી પણ ઉત્સાહ યથાવત**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનો માહોલ હજુ જોઈએ તેટલો જામ્યો નહિ હોવાથી રવિ સીઝનની વાવણી પણ જિલ્લામાં ધીમી ગતિએ ચાલી રહી છે. રવિ સીઝનના મુખ્ય પાક ગણાતા બટાટા અને ઘઉંનું વાવેતર અત્યાર સુધીમાં માત્ર ૨૦૦ હેક્ટરમાં જ થયું છે.

બેવડી ઋતુને લઈ પ્રતિકૂળ હવામાનને પગલે ખેડૂતો રવિસીઝન માટે ચિંતાતુર બન્યા છે. જિલ્લામાં સારો વરસાદ નોંધાયા પછી પણ હજુ ઠંડીનો માહોલ જામ્યો ન હોવાથી ખેડૂતોની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. જો કે કૃષિ નિષ્ણાતોના મત મુજબ આ વખતે સીઝન લેઈટ ચાલી રહી હોવાથી ખેડૂતો હજુ વાવણી માટે સક્રિય ઓછા દેખાય છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ગત વર્ષની આ જ દિવસની તુલનામાં વાવેતર વધુ થયાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર હજુ ૯૧૨૭ હેક્ટર પર પહોંચ્યુ છે. ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૩૭૦૦ હેક્ટર જેટલું જ નોંધાયુ હતુ તેમ ખેડૂતો સાથેની વાતચીતમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં જે ૯૧૨૭ હેક્ટરમાં વાવેતર થયુ છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૧૮૪૫ હેક્ટર, દહેગામમાં ૨૧૧૨ હેક્ટર, કલોલમાં ૧૫૦૦ હેક્ટર અને માણસામાં ૩૬૦૭૦ હેક્ટર વિસ્તારનો સમાવેશ થાય છે.

જિલ્લામાં મુખ્ય પાક ગણાતા ઘઉં અને બટાટામાં હજુ માત્ર ને માત્ર ૨૦૦ હેક્ટરમાં વાવેતર જણાયુ છે. જેમાં ૮૦ હેક્ટર ઘઉંનું વાવેતર ગાંધીનગર તાલુકામાં અને ૧૩૦ હેક્ટર વિસ્તારમાં બટાટાનું વાવેતર દહેગામ તાલુકામાં નોંધાયું છે.

● અનુસંધાન પાન-૫ પર

**બેસણું**



**અમારા પુત્ર કેતન કાન્તીલાલ ઉપાધ્યાયનું તા. ૧૦-૧૧-૧૭ને શુક્રવારના રોજ આકસ્મીત અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૪-૧૧-૨૦૧૭ને મંગળવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : ઈ-૭૦૪, પૂર્ણમ રેસિડેન્સી, શ્રીફલ હાઈટની બાજુમાં, પોર-કુડાસણ રોડ, ગાંધીનગર મો. ૮૧૪૦૬૨૧૯૭૧**

**લિ. કાન્તીલાલ ઉત્તમરામ ઉપાધ્યાય (પિતા)
પ્રમોદાબેન કાન્તીલાલ ઉપાધ્યાય (માતા)**

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com